દિવ્ય ભાસ્કર

Vapi 6 March, 2020

ભાસ્કર વિશેષ | શ્વાનોએ ઝેરી પદાર્થ ખાઈ લીધો હોવાની શક્યતા : ડૉક્ટર

# બારોલીયાના શ્રીમદ્ રાજચંદ્ર એનિમલ નર્સિંગ હોમની ટીમે ત્રણ શ્વાનને આપ્યું નવજીવન

ભાસ્કર ન્યૂઝ | ધરમપુર

ધરમપુરમાં સવારે ચાર શ્વાનની અચાનક ગંભીર થયેલી હાલતની મળેલી ટેલિફોનિક માહિતીને લઈ સ્થળ ઉપર દોડી ગયેલી

'શ્રીમદ રાજચંદ્ર એનિમલ નર્સિંગ હોમ'ની ટીમે તાત્કાલિક સારવાર આપી ત્રણનો જીવ બચાવ્યો હતો. જ્યારે એકનું સ્થળ ઉપર મોત થયું હતું. બારોલીયા સ્થિત શ્રીમદ રાજચંદ્ર એનિમલ નર્સિંગ હોમના વેટરનરી તબીબ ડૉ. પ્રદીપ મેર અને ટીમે આપેલી અદ્યતન સારવારને લઈ શ્વાનોની હાલત સ્થિર થઈ હતી. ડો. પ્રદીપ મેરના જણાવ્યા મુજબ શ્વાનોએ કોઈ ઝેરી પદાર્થ ખાઈ લીધા હોવાની શક્યતાને લઈ તેઓને તકલીફ થઈ હતી. અને હાલ ત્રણે શ્વાનને જીવ મૈત્રીધામમાં સારવાર માટે રાખી સારસંભાળ લેવામાં આવી રહી છે. ધરમપુરમાં ડૉ. પ્રદીપ મેર સાથે જીવદયા પ્રેમી પ્રભાકર યાદવ સહિત અન્ય યુવાનોએ ત્રણે શ્વાનોને ચિકિત્સાલય સુધી લઈ જવામાં મદદ કરી સારવાર દરમ્યાન સાથે રહ્યા હતા.




શ્રીમદ રાજચંદ્ર મિશન ધરમપુરના સંસ્થાપક પૂજ્ય ગુરૂદેવશ્રી રાકેશભાઈની પ્રેરણાથી કાર્યરત 'શ્રીમદ રાજચંદ્ર એનિમલ નર્સિંગ હોમ'માં અબોલ પશુઓને આધુનિક સારવાર આપી નવ જીવન આપવાની સરાહનીય કામગીરી કરવામાં આવી રહી છે. આ નર્સિંગ હોમમાં નાના તથા મોટા પ્રાણીઓ માટેનાં ઓપરેશન થિયેટર, હાઈડ્રોલિક ટેબલ, સોનોગ્રાફી, એક્સ રે, પેથોલોજી લેબ અને અન્ય અદ્યતન સારવાર ઉપલબ્ધ છે. પશુ પંખીઓની તબીબી સારવારમાં તેઓ ખૂબ સુંદર કાર્ય કરી રહ્યા છે.